P.07
કોમેડિયન કપિલ શર્મા અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક
# લોક પત્રિકા
www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07
છાવા માટે વિક્કી કૌશલે ૨૫ કિલો વજન વધાર્યું, છ-સાત મહિના સુધી ઘોડેસવારી પણ શીખી

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૩ અંક : ૧૬૪ I વિક્રમ સંવત ૨૦૮૧ : પોષ વદ ૧૦ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)
Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 164 • Dt. 24-01-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125





મહારાષ્ટ્રના લાતુરમાં બર્ડ ફ્લૂનો ખતરો I હજારો બચ્ચાઓના મૃત્યુથી ગભરાટ


07

24
JANUARY- 2025
FRIDAY


07

બિહારમાં શિક્ષણ વિભાગનો અધિકારી 'પૈસાની થેલી' નીકળ્યો I રોકડ ગણવા માટે મશીન લગાવવું પડ્યું

### મહાકુંભ ૨૦૨૫નું આયોજન ૧૩ જાન્યુઆરીથી શરૂ થઈ ગયું

# મહાકુંભ સંવાદિતા અને એકતાનો મજબૂત સંદેશ આપે છે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

**દેશ-વિદેશના સંતો અને ભક્તો પવિત્ર નદીમાં સ્નાન કરવા માટે એકઠા થઈ રહ્યા છે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ આ આધ્યાત્મિક ઘટનાની પ્રશંસા કરી છે**

I અમદાવાદ,તા.૨૩ I

મહાકુંભ ૨૦૨૫નું આયોજન ૧૩ જાન્યુઆરીથી શરૂ થઈ ગયું છે. આ કાર્યક્રમમાં, દેશ-વિદેશના સંતો અને ભક્તો પવિત્ર નદીમાં સ્નાન કરવા માટે એકઠા થઈ રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ આ આધ્યાત્મિક ઘટનાની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે મહાકુંભ કરતાં દુનિયામાં બીજો કોઈ કાર્યક્રમ સંવાદિતા અને એકતાનો સંદેશ આપતો નથી. આ દરમિયાન, શાહે પુષ્ટિ આપી કે તેઓ ૨૭ જાન્યુઆરીએ ગંગામાં પવિત્ર ડૂબકી લગાવવા માટે મહાકુંભમાં આવશે.



ગુજરાત યુનિવર્સિટીના મેદાનમાં હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું ઉદ્ઘાટન કર્યા પછી તેઓ સંબોધન કરી રહ્યા હતા. અહીં બોલતા તેમણે કહ્યું કે પ્રયાગરાજમાં મહાકુંભનું આયોજન જે સ્તરે થયું છે તે જોઈને વિશ્વભરના લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. એટલું જ નહીં, વિવિધ દેશોના રાજદૂતોએ તેમને 'નિમંત્રણ કાર્ડ' માટે વિનંતી કરી. આ અંગે શાહે કહ્યું કે મેં તેમને કહ્યું હતું કે આ માટે કોઈ ઔપચારિક આમંત્રણ નથી, કારણ કે કરોડો લોકો ગ્રહોની સ્થિતિ અનુસાર ચોક્કસ સમયે ભેગા થાય છે અને ગંગામાં ડૂબકી લગાવે છે. શાહે કહ્યું કે તેઓ મારા કહેવા પર વિશ્વાસ નથી કરી રહ્યા કે ૪૦ કરોડ લોકો કોઈ પણ આમંત્રણ વિના એક જગ્યાએ ભેગા થશે.

પોતાના સંબોધનમાં શાહે કહ્યું કે કુંભ સંવાદિતા અને એકતાનો સંદેશ આપે છે કારણ કે ત્યાં કોઈ કોઈને પૂછતું નથી કે તમે કયા ધર્મ, સંપ્રદાય કે જાતિના છો. તમને ત્યાં કોઈ પણ ભેદભાવ વિના ભોજન મળશે અને પવિત્ર સ્નાન કર્યા પછી ઘરે પાછા જશો. દુનિયામાં બીજી કોઈ ઘટના આનાથી સારો સંદેશ આપતી નથી.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આટલી મોટી ભીડ હોવા છતાં, કોઈ હોટલમાં રોકાતું નથી કારણ કે દરેકને ગંગા કિનારે તંબુઓમાં રહેવાની સુવિધા મળે છે. આ દરમિયાન તેમણે ગુજરાતના લોકોને, ખાસ કરીને યુવાનોને મહાકુંભમાં જવા વિનંતી કરી. આ દરમિયાન શાહે એમ પણ કહ્યું કે તેઓ પોતે ૨૭ જાન્યુઆરીએ ગંગામાં પવિત્ર ડૂબકી લગાવવા માટે મહાકુંભમાં આવશે.

આગળ બોલતા, શાહે મોદી સરકારના કાર્યકાળની પણ પ્રશંસા કરી.















## ૧૩ વર્ષના ભાઈએ ઠંડે કલેજે ૧ વર્ષીય બહેનની હત્યા કરી

। સુરત, તા.૨૩ ।

સુરતમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં ૧૩ વર્ષના ભાઈએ તેની એક વર્ષની બહેનની હત્યા કરી નાંખી છે. જી હાં.સાંભળીને નવાઈ લાગીને, પરંતુ આ હકીકત છે. સુરતમાં સતત રડી રહેલી બહેનનું ૧૩ વર્ષના ભાઈએ ઓશીકાથી મોઢું દબાવી દીધું હતું. મોઢું દબાવવા છતાં બહેન રડતાં ગળું દબાવી હત્યા કરી નાંખી હતી. ત્યારબાદ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મોટો ઘટસ્ફોટ થયો છે, જેમાં ગૂંગળામણથી મોત થયાનું સામે આવ્યું છે. પરિવારે પૂછપરછ કરતા ભાઈએ જ હત્યા કર્યાનો ખુલાસો થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.આ ચોંકાવનારી ઘટના સુરતના નાનપુરા વિસ્તારની છે. જ્યાં એક ૧૩ વર્ષના ભાઈએ પોતાની ૧ વર્ષની બહેનની હત્યા કરી દીધી છે. હત્યાનું કારણ એજ હતુ કે બહેન સતત રડી રહી હતી. ૧૩ વર્ષના ભાઈ પાસે તેની બહેન હતી, અને બહેન સતત રડી રહી હતી.

## રાજકોટમાં પિતાએ પરિણીત પુત્રીના પ્રેમીની હત્યા કરી દીધી

। રાજકોટ, તા.૨૩ ।

રાજકોટના રેલનગર વિસ્તારમાં પ્રેમ પ્રકરણ મામલે આસિફ ઈકબાલ સોરા નામના યુવકની હત્યા કરાતા ચકચાર મચી ગઈ છે. રાજેન્દ્ર નામના યુવકે છરી વડે હુમલો કરતા આસિફ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. જોકે, સારવાર દરમિયાન આસિફનું મોત થતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.રાજકોટમાં ઉપલેટા તાલુકામાં આવેલા રેલનગર વિસ્તારમાં યુવકની હત્યાનો બનાવ સામે આવ્યો છે. રાજેન્દ્ર રાઠોડની પરિણીત પુત્રી સાથે આસિફ ઈકબાલ સોરા નામના યુવકને પ્રેમ થયો હતો. ઉપલેટાનો રહેવાસી મૃતક આસિફ પ્રેમિકાને મળવા આવ્યો હતો, ત્યારે પિતા રાજેન્દ્ર ઘરમાં બંનેને જોઈ જતા આસિફ પર હુમલો કર્યો હતો. રાજેન્દ્રએ છરી વડે હુમલો કરતા આસિફ ગંભીર રીતે ઘાયલ થયો હતો.

### પ્રજાસત્તાક દિવસની પરેડમાં । કીર્તિ તોરણ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી

# કર્તવ્યપથ પર ગુજરાતની ભવ્ય ઝાંખી જોવા મળશે

**૭૬મા કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક દિવસના ટેબ્લોની થીમ સુવર્ણ ભારતઃ વારસો અને વિકાસ છે**

। અમદાવાદ, તા.૨૩ ।

આ વર્ષે નવી દિલ્હીમાં ૭૬મા કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક દિવસના ટેબ્લોની થીમ સુવર્ણ ભારતઃ વારસો અને વિકાસ છે. આ પ્રસંગે, ગુજરાત દ્વારા એક ખાસ ટેબ્લો રજૂ કરવામાં આવી રહ્યો છે. આનાથી માત્ર રાજ્ય જ નહીં પરંતુ રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસા અને વિકાસને ખૂબ જ અસરકારક રીતે સાકાર કરવામાં આવશે. ગુજરાતના ટેબ્લોમાં ૧૨મી સદીના સોલંકી યુગના વડનગર એટલે કે આનર્તપુરના કીર્તિ તોરણથી લઈને ૨૧મી સદીના અજાયબી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીના સાંસ્કૃતિક વારસાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, સાથે જ સંરક્ષણ, ટેકનોલોજી, ઓટોમોબાઈલ અને અન્ય ક્ષેત્રોમાં રાજ્યની આત્મનિર્ભરતા દર્શાવતા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ પણ રજૂ કરવામાં આવ્યા હતા. ઉત્પાદન. એક પ્રભાવશાળી પ્રદર્શન કરવામાં આવ્યું છે.ગુજરાત ટેબ્લોના આગળના ભાગમાં, સોલંકી સમયગાળા દરમિયાન બંધાયેલ વડનગરમાં સ્થિત ૧૨મી સદીના ગુજરાતના સાંસ્કૃતિક પ્રવેશદ્વાર, કીર્તિ તોરણ છે, જ્યારે અંતે, ૨૧મી સદીનું ગૌરવ, સરદારની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા છે. પટેલ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, ને દર્શાવવામાં આવ્યું છે. જે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. આ બે વારસા વચ્ચે, ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં થયેલા જબરદસ્ત વિકાસની પ્રતિકૃતિઓ છે. જેમાં સંરક્ષણ, ટેકનોલોજી, ઓટોમોબાઈલ



અને ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર ભારત હેઠળ ગુજરાતના વિવિધ પ્રોજેક્ટ્સ દર્શાવવામાં આવ્યા છે.ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાતના આદિવાસી ગૌરવને દર્શાવતી પિથોરા ચિત્રોની શ્રેણી, સાબરમતી રિવરફ્રન્ટ, દ્વારકા અને શિવરાજપુર બીચના બંને કાંઠાને જોડતો અટલ સેતુ, ભૂતપૂર્વ વડા પ્રધાનની ૧૦૦મી જન્મજયંતિના પ્રતીક તરીકે અટલ બિહારી વાજપેયી માટી અને કાચથી બનેલી કચ્છી કલાકૃતિઓ અને પાણીની અંદરની રમતગમતની પ્રવૃત્તિઓ આકાર લઈ રહી છે, જે ટેબ્લોની સુંદરતામાં વધારો કરી રહી છે.ગુજરાતના ઝાંખીના આગળના ભાગમાં ૧૨મી સદીના સોલંકી યુગના કીર્તિ તોરણનું ચિત્રણ કરવામાં આવ્યું છે જે આનર્તપુરમાં સ્થિત છે, જે યુનેસ્કોના વારસા સ્થળ તરીકે ગણવામાં આવે છે, એટલે કે હાલના વડનગર શહેરમાં. તેની આસપાસ આદિવાસી દેવતા બાબા પિથોરાની યાદમાં બનાવેલા પિથોરા ચિત્રોની શ્રેણી પ્રદર્શિત કરવામાં આવી છે, જેમાં માટી અને કાચથી બનેલી કચ્છી કલાકૃતિઓ પણ શામેલ છે.

## પતિ-સંતાનોથી અલગ થઈને બિન્દાસ જીવતી પત્નીને કોર્ટે ભરણપોષણનો હુકમ કર્યો

। દાહોદ, તા.૨૩ ।

દાહોદ જિલ્લામાં મહિલા પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરત બજાવતી મહિલાએ વ્યાજબી કારણ વિના પતિ તથા બે બાળકોનો ત્યાગ કરી મનસ્વી રીતે એકલવાયુ જીવન ગુજારતી હતી. જેથી બાળકોની ભરણ પોષણની જવાબદારી તેની માતાની થતી હોઈ મહિલાના પતિએ આ મામલે લીમખેડા કોર્ટમાં ભરણ પોષણની અરજી કરી હતી. જેના આધારે કોર્ટ મહિલા કોન્સ્ટેબલને બે બાળકોને ભરણ પોષણ માટે ૭ હજાર આપવાનો ચુકાદો આપ્યો છે. દાહોદ જિલ્લાના તોયણી ગામના જયેશભાઈ પટેલના લગ્ન પંચેલાની ઉર્વશી પટેલ સાથે ૧૯ વર્ષ અગાઉ થયા હતા. બન્નેને વસ્તારમાં બે બાળકો મોટો પુત્ર ભાગ્યેશ અને નાનો પુત્ર પ્રિન્સ છે. લગ્નનના ૧૬ વર્ષે બાદ પતિ પત્ની વચ્ચે ખટરાગ ચાલતો હતો. ઉર્વશીબેન દાહોદ જિલ્લાના રંણધીકપુર પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં છે. અગાઉ તેમણે પતિ સામે શારીરિક-માનસિક ત્રાસનો કેસ પણ કર્યો હતો. ત્યાર બાદથી ઉર્વશીબેન પતિ તથા બે બાળકોનો ત્યાગ કરી મનસ્વી રીતે એકલવાયું જીવન ગુજારતા હતા. બાળકોને માતૃપ્રેમથી વંચિત રાખી માતાની ફરજ નહીં નિભાવવા સાથે છુટાછેડા લેવા માટે જુદા-જુદા કેસો કરી માનસિક ત્રાસ ગુજારતા હતા.તો બીજી તરફ બે બાળકોની ભરણ પોષણની જવાબદારી માતાની પણ થતી હોય પતિ જયેશભાઈએ પત્ની સામે ૨૦૨૩ લીમખેડા ફેમેલી કોર્ટમાં ભોરણ પોષણની અરજી કરી હતી. આ કેસ ચાલી જતાં લીમખેડા ફેમીલી કોર્ટના જજ એમ.એસ સોનીએ હાલમાં દાહોદ મહિલા પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજાધિન ઉવર્શિબેનને બે સગીર બાળકોના ભરણ પોષણ પેટે ૩૫૦૦-૩૫૦૦ મળી એક કુલ ૭૦૦૦ દર મહિને ચુકવવાનો ચુકાદો આપ્યો છે.

### ગુજરાત હાઈકોર્ટે દ્વારા

# ગુજરાત રાજ્યમાં શિક્ષણ કાયદામાં સુધારાને પડકારતી અરજીઓ ફગાવી દેવામાં આવી

। અમદાવાદ,૨૩ ૨૨ ।

ગુજરાત હાઈકોર્ટે ગુરુવારે ૨૦૨૧ માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમમાં કરવામાં આવેલા સુધારાને પડકારતી લઘુમતી સંસ્થાઓ દ્વારા દાખલ કરાયેલી અરજીઓને ફગાવી દીધી હતી.આ સુધારાથી રાજ્ય સરકારને ખાનગી શાળાઓમાં શિક્ષકો અને અન્ય સ્ટાફની નિમણૂક માટે નિયમો બનાવવાની સત્તા આપવામાં આવી છે.અરજદારોએ દાવો કર્યો હતો કે આ સુધારો ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓના પોતાના શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કરવાના બંધારણીય અધિકારનું ઉલ્લંઘન કરે છે.મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલની અધ્યક્ષતાવાળી ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે, ‘‘આ સંદર્ભમાં તમામ અરજીઓ ફગાવી દેવામાં આવે છે.સુધારેલા કાયદાએ રાજ્ય શિક્ષણ બોર્ડને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ અને બિન-શિક્ષણ કર્મચારીઓની ભરતી માટે લાયકાત અને પસંદગી પ્રક્રિયા નક્કી કરવાની સત્તા આપી છે.લઘુમતી સમુદાયોની શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સંચાલિત શાળાઓએ અરજીઓમાં દાવો કર્યો હતો કે આ સુધારો ‘‘અન્યાયી અને ગેરકાયદેસર’’ છે. અરજદારોએ દલીલ કરી હતી કે નિયમનના નામે રાજ્યએ લઘુમતીઓના અધિકારો પર અતિક્રમણ કર્યું છે અને બંધારણની કલમ ૨૯ અને ૩૦નું ઉલ્લંઘન કર્યું છે.કલમ ૨૯ લઘુમતીઓના સાંસ્કૃ



તિક અને શૈક્ષણિક અધિકારોનું રક્ષણ કરે છે, જ્યારે કલમ ૩૦ તેમને ‘‘શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને સંચાલન’’ કરવાનો અધિકાર આપે છે.રાજ્ય સરકારે આ સુધારાનો બચાવ કરતા કહ્યું કે તેનો ઉદ્દેશ્ય ન્યાયી અને પારદર્શક ગુણવત્તા આધારિત પસંદગી પ્રક્રિયા સુનિશ્ચિત કરવાનો છે. સુધારેલા કાયદામાં શિક્ષકો, આચાર્યો અને બિન-શિક્ષણ કર્મચારીઓની નિમણૂક, બઢતી અને સેવા સમાપ્તિ માટેની શરતો નિર્ધારિત કરવામાં આવી છે. તે ગુજરાત રાજ્ય શાળા સેવા આયોગને સરકારી સહાયિત ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોની પસંદગી કરવાની પણ મંજૂરી આપે છે.

## તારો છોકરો નથી મારો છે’, પત્નીના અનૈતિક સંબંધમાં પતિ-પ્રેમી વચ્ચે લોહિયાળ ખેલ!

। અમદાવાદ, તા.૨૩ ।

શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં યુવકની હત્યા મામલે પોલીસે ૨ આરોપીની ધરપકડ કરી છે. પ્રેમીએ પતિની જાહેરમાં હત્યા કરી છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પત્નીના અનૈતિક સંબંધને લઈને પતિ અને પ્રેમી વચ્ચે અવારનવાર બબાલ થતી હતી. આ માથાકૂટનો કરુણ અંજામ આવ્યો છે.અસારવા નજીક આવેલા ચમનપુરા ખાતે એક યુવકની ઘાતકી હત્યા થઈ હતી. યુવકની હત્યા કરનાર તેની પત્નીનો પ્રેમી હોવાનું હાલ પોલીસ તપાસમાં સામે આવ્યું છે. તારી પત્નીને છૂટાછેડા આપી દે અને આ તારો છોકરો નથી પરંતુ મારો છે તેમ કહીને યુવકના ગળામાં છરીના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. યુવકને પત્નીના અનૈતિક સંબંધની ખબર પડી હતી ચમનપુરા વિસ્તારમાં આવેલા તાળાવાળી ચાલી પાસે સોમવારે રાત્રે વિશાલ કિશન પટણી નામના યુવકની ઘાતકી હત્યા કરવામાં આવી છે. કિશનની હત્યા તેની પત્નીના પ્રેમીએ કરી હોવાનું હાલ પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. જીગ્નેશ ઉર્ફે ડેબુના મામલે વિશાલ અને યુવતી વચ્ચે અવારનવાર બબાલ થતી હતી. જીગ્નેશ ઉર્ફે ડેબુ, મનીષ ઉર્ફે બાલી, કિશન અને કિશનના પુત્ર ધર્મેશે મળીને વિશાલ ની હત્યા કરી હતી.

## ઘરકામ કરવા આવેલી સગીરનો એકલતાનો લાભ લઇ દુષ્કર્મ ગુજાર્યુ

। અમદાવાદ, તા.૨૩ ।

નરોડા પોલીસે સગીરા સાથે દુષ્કર્મ કરનારા આરોપીની ધરપકડ કરી છે. આરોપીએ પડોશી ધર્મના નાતે ઘરકામ કરવા આવેલી સગીરનો એકલતાનો લાભ લઈ દુષ્કર્મ ગુજાર્યુ હતુ તથા તેની સાથે સંબંધ રાખવા માટે વિડિયો વાઈરલ કરવાની ધમકી આપી હતી. પોલીસે પોસ્કોના ગન્હા હેઠળ તપાસ આદરી છે.આ કેસની વિગત એવી છે કે દુષ્કર્મથી પિડિત સગીરના પિતાએ ૨૧ જાન્યુઆરીના રોજ નરોડા પોલીસ મથકે ફરિયાદ નાંધાવી હતી. જે અંતર્ગત પિડિતાના પડોશમાં રહેતા આરોપીએ તેની સાથે દુષ્કર્મ કર્યુ હતુ. આરોપીના મોટા ભાઈની પત્નીને ગાંઠનું ઓપરેશન કરાવ્યું હોઈ તેમણે પિડિતાની માતા પાસે પોતાના ઘર કામ માટે દિકરીને મોકલવા વિનંતી કરી હતી. સગીરા ૧૦ જાન્યુઆરીના રોજ આરોપીના ઘરે ઘરકામ માટે ગઈ હતી, ત્યારે આરોપીના ભાભી બેઠક રૂમમાં સુતેલા હતા. આ સમયનો ફાયદો ઉઠાવી આરોપી સગીરાને બેડરૂમમાં લઈ ગયો હતો, અને તેની સાથે બળજબરી શરીર સંબંધ બાંધ્યો હતો. ઉતરાયણના દિવસે પિડિતા ઉદાસ રહેતાં તેના માતા પિતાએ પુછપરછ કરતાં આ સમગ્ર ઘટના સામે આવી હતી. માતા-પિતાએ પુછપરછ કરતાં સગીરાએ વ્યથીત મને પોતાની આપવિતિ જણાવતાં કહ્યુ હતુ.




### જૂનાગઢ મહાનગર પાલિકા, ૬૬ નગર પાલિકા, ૩ તાલુકા પંચાયતની ચૂંટણીની જાહેરાત

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત સાથે જ જુનાગઢ જિલ્લામાં મનપામાં ભાજપ કોંગ્રેસ વચ્ચે શરૂ રાજકીય વોર

**૧૬મી ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે ત્યારે જૂનાગઢમાં પાર્ટીઓ દ્વારા જીતના દાવાઓ થવાના અત્યારથી જ શરૂ**

। જૂનાગઢ,તા.૨૩ ।

રાજ્ય ચૂંટણી આયોગના કમિશ્નર ડૉ. એસ. મુરલી ક્રિષ્નાએ જૂનાગઢ મહાનગર પાલિકા, ૬૬ નગર પાલિકા, ૩ તાલુકા પંચાયતની ચૂંટણીની જાહેરાત કરી અને હવે જ્યારે ૧૬મી ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે ત્યારે જૂનાગઢમાં પાર્ટીઓ દ્વારા જીતના દાવાઓ થવાના અત્યારથી જ શરૂ થઈ ગયા છે.કોંગ્રેસ અને ભાજપ બંન્ને જીતના દાવા કરી રહ્યા છે. જુનાગઢ શહેર ભાજપ પ્રમુખે આશા વ્યક્ત કરી છે કે મનપામાં ફરી ભાજપની જીત થશે કારણ કે ભાજપની બોડીએ જુનાગઢ માટે ઘણા સારા કામ કર્યા છે. તેથી ગત વખતની જેમ આ વખતે પણ ભાજપ સારૂં પ્રદર્શન કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. આ તરફ કોંગ્રસના શહેર પ્રમુખે પ્રજાના પ્રશ્નો ઉઠાવવાની વાત કરી અને સાથે આશાવાદ વ્યક્ત કર્યો હતો કે જ્યારથી મનપા બની ત્યારથી ભાજપનું શાસન છે, લોકો અણઘડ વહીવટને લઈને ત્રાસી ગયા છે. લોકોના પ્રશ્નો પાર્ટી ઉઠાવશે અને બે તૃતિયાંશ બેઠક મેળવશે.જ્યારે કોંગ્રેસ પ્રમુખે કામ અધૂરા છે અને નથી થયાની વાત કરી તો પૂર્વ ડેપ્યુટી મેયર ગિરિશ કોટેચાએ છેલ્લા



૫ વર્ષના કામનો હિસાબ આપતા હોય તેમ ગણાવ્યા હતા. હવે જ્યારે ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે ત્યારે રાજકીય આરોપ પ્રત્યારોપ અને આક્ષેપબાજી યથાવત રહેશે એ વાતમાં કોઈ બે મત નથી. ૧૬મી તારીખનું મતદાન અને ત્યારબાદ ૧૮મી તારીખનું પરિણામ નક્કી કરશે કે મહાનગરપાલિકામાં જનાદેશ કોના પક્ષમાં રહે છે.

હવે ૧૮મી તારીખના પરિણામમાં જોવું રહ્યું કે ૧૯ લાખ મતદારોનો મિજાજ કેવો રહે છે રાજ્ય ચૂંટણી આયોગના કમિશ્નર ડૉ. એસ. મુરલી ક્રિષ્નાએ જૂનાગઢ મહાનગર પાલિકા, ૬૬ નગર પાલિકા, ૩ તાલુકા પંચાયતની ચૂંટણીની જાહેરાત કરી અને હવે જ્યારે ૧૬મી ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે ત્યારે જૂનાગઢમાં પાર્ટીઓ દ્વારા જીતના દાવાઓ થવાના અત્યારથી જ શરૂ થઈ ગયા છે.કોંગ્રેસ અને ભાજપ બંન્ને જીતના દાવા કરી રહ્યા છે. જુનાગઢ શહેર ભાજપ પ્રમુખે આશા વ્યક્ત કરી છે કે મનપામાં ફરી ભાજપની જીત થશે કારણ કે ભાજપની બોડીએ જુનાગઢ માટે ઘણા સારા કામ કર્યા છે. તેથી ગત વખતની જેમ આ વખતે પણ ભાજપ સારૂં પ્રદર્શન કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. આ તરફ કોંગ્રસના શહેર પ્રમુખે પ્રજાના પ્રશ્નો ઉઠાવવાની વાત કરી અને સાથે આશાવાદ વ્યક્ત કર્યો હતો કે જ્યારથી મનપા બની ત્યારથી ભાજપનું શાસન છે, લોકો અણઘડ વહીવટને લઈને ત્રાસી ગયા છે. લોકોના પ્રશ્નો પાર્ટી ઉઠાવશે અને બે તૃતિયાંશ બેઠક મેળવશે. હવે જ્યારે ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે ત્યારે રાજકીય આરોપ પ્રત્યારોપ અને આક્ષેપબાજી યથાવત રહેશે એ વાતમાં કોઈ બે મત નથી.

### ગુજરાતના મુસ્લિમો

# હિન્દુ નામનો ઉપયોગ કરીને હોટલ ચલાવી રહ્યા હતા, તેમના બધા લાઇસન્સ રદ કરવામાં આવ્યા

। અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમે હિન્દુ નામોની આડમાં ચલાવવામાં આવતી કેટલીક હોટલોના લાઈસન્સ રદ કર્યા છે. અહેવાલો અનુસાર, આ હોટલોનું નામ કાં તો હિન્દુ હતું અથવા તેમને ચલાવવા માટે કોઈ હિન્દુ માલિકના નામનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. હવે રાજ્ય પરિવહન નિગમ એટલે કે જીએસઆરટીસીની બસો આ હોટલો પર રોકાશે નહીં. તમને જણાવી દઈએ કે છેલ્લા એક વર્ષમાં, જીએસઆરટીસીએ એવી હોટલોની યાદી તૈયાર કરી હતી જેમાં હિન્દુ નામોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, અથવા કેટલાક કિસ્સાઓમાં હોટલ માલિક તરીકે હિન્દુ નામ હતું પરંતુ તે મુસ્લિમ સમુદાયના લોકો દ્વારા ચલાવવામાં આવી રહ્યું હતું. હોટલોમાં પારદર્શિતા અને યોગ્ય સંચાલન માટે આ પગલું લેવામાં આવ્યું હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જે હોટલોના રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યા છે તેમાં વડોદરા ડિવિઝનમાં અમદાવાદ-સુરત રોડ પર આવેલી સ્વાજી ઈન, હોટેલ વિશાલ, હોટેલ બસેરા અને હોટેલ સતીમાતાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ભરૂચ વિભાગ હેઠળ સુરત-અમદાવાદ રોડ પર આવેલી હોટેલ તુલસી, હોટેલ મારુતિ, હોટેલ ડાયમંડ અને હોટેલ રૌનકના નામ પણ તે હોટલોમાં સામેલ છે જેમના રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, રાજકોટ વિભાગ હેઠળ ભુજ-દ્રગંધ્રા-અમદાવાદ રોડ પર આવેલી હોટલ શિવશક્તિનું રજીસ્ટ્રેશન પણ રદ કરવામાં આવ્યું છે.

## જેતપુરમાં ભાદર નદી કાંઠાના ૪ ગામોના ખેડૂતોએ પ્રદૂષિત પાણી છોડવા મુદ્દે વિરોધ નોંધાવ્યો

। રાજકોટ, તા.૨૩ ।

રાજકોટના જેતપુરમાં ભાદર નદી કાંઠાના ૪ ગામોના ખેડૂતોએ પ્રદૂષણયુક્ત પાણી છોડવા મુદ્દે વિરોધ કર્યો છે. પ્રદૂષિત પાણીથી ખેડૂતોની ખેતીની જમીન ઉજ્જડ બની રહી છે, જીપીસીબીની બેદરકારીને કારણે ખેડૂતોને હાલાકી વેઠવી પડી છે.પ્રદૂષણને કારણે ફક્ત મનુષ્યો જ નહીં, પશુ-પક્ષી, પાણી, જમીન, હવાને પણ માઠી અસર પહોંચે છે. ગામડા વિકસિત કરવા ફેક્ટરીઓ સ્થાપિત કરવામાં આવે છે. પરંતુ ઔદ્યોગિક વિકાસની દોડમાં નદી પ્રદૂષિત થતાં ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકામાં ભાદર નદી કાંઠાના ૪ ગામોના ખેડૂતોએ આ મામલે વિરોધ નોંધાવ્યો છે.ભાદર નદીમાં પ્રદૂષિત પાણી છોડાતા મોટી સંખ્યામાં ખેડૂતોએ વિરોધ કરી રામધૂન પણ બોલાવી હતી. જેમાં કેરાળી, લુણાગરા, લુણાગરી, પાંચ પીપળા ગામોના ખેડૂતોએ પ્રદૂષિત પાણી વહી રહ્યાં અંગે રોષ વ્યક્ત કર્યો છે. ખેડૂતોની માગ છે કે પ્રદૂષણ માફિયાઓ પર લગામ લગાવવામાં આવે. પ્રદૂષિત પાણીથી ખેડૂતોની ખેતીની જમીન ઉજ્જડ બની રહી છે.

## ભાવનગરના હીરાના વેપારી સાથે બે દલાલોનો રૂ.૧૧.૭૦ લાખનો ફ્રોડ

। ભાવનગર, તા.૨૩ ।

ભાવનગરમાં હીરાના વેપારી સાથે ફ્રોડનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તેઓએ હીરાદલાલોને હીરા વેચવા આપ્યા હતા, પરંતુ દલાલોએ હીરા વેચીને બધા રૂપિયા ન આપતા આ કેસ નોંધાયો છે. ભાવનગર શહેરના દેવબાગ વિસ્તારમાં રહેતા અને નિર્મળનગર માધવરત્નમાં હીરાની ઓફિસ ધરાવતા વેપારીએ હીરાના બે દલાલોને તૈયાર હીરાના પેકેટ વેચવા માટે આપ્યા હતા. આ હીરાના વેચાણ બાદ ટોટલ રકમ ૧૪,૪૦,૪૩૦ આપવાના બદલે બંને દલાલોએ વેપારીને માત્ર ૨,૭૦,૦૦૦ નું ચુકવણું કરી નાણા પરત કરવા મામલે હાથ ઊંચા કરી દેતા વેપારીએ બંને દલાલો વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.સમગ્ર બનાવો અંગે જાણવા મળતી વિગતો અનુસાર છેલ્લા લાંબા સમયથી હીરા ઉદ્યોગમાં કારમી મંદી નો સામનો કરી રહ્યો છે આ ઉદ્યોગને ફરી બેઠા થવામાં ખાસો એવો સમય લાગી શકે છે મંદીની કળ હજી વળી નથી ત્યાં વેપારીઓ દલાલો દ્વારા કરાતા ઉઠામણા ની અસર પણ હીરા ઉદ્યોગ માટે માઠા સમાચાર જ નહીં પણ એક ફટકો સાબિત થઈ રહ્યો છે આ અંગે સરકાર કશું કરતી નથી તો બીજી તરફ સાંકડો રત્ન કલાકારો વેપારીઓ દલાલોની આજીવિકા નો પણ ગંભીર પ્રશ્ન સર્જાઇ રહ્યો છે ત્યારે આ મંદીના માહોલ વચ્ચે બે દલાલોએ એક વેપારીના નાણા ઓળવી જઈ છેતરપિંડી આચરતા ભારે ચકચાર મચી જવા પામી છે.શહેરના નિર્મલનગર વિસ્તારમાં માધવરત્ન બિલ્ડિંગમાં કાચા હીરા ની ખરીદી કરી પોલીશ્યેડ કરી વેચાણ કરતા ધર્મેશ તુલસીભાઈ ધામેલીયા ઉંમર વર્ષ ચાલીસ રહે રવિ દર્શન એપાર્ટમેન્ટ દેવબાગ ડેરી રોડ વાળાએ ભાવનગર અને મુંબઈ હીરા બજારમાં હીરાની દલાલી કરતા ઈશ્વર શામજી ભરોડિયા તથા ભાવેશ નામના હીરા દલાલ વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદમાં જણાવ્યું છે કે તેના વ્યવસાય મિત્રોની ઓળખાણથી આ બંને હીરા દલાલોને ડબલના તૈયાર હીરા વેચાણ માટે આપ્યા હતા.






## તંત્રી લેખ..

# હવે અંગ્રેજીનો ક્રેઝ

આ માહિતી ચોંકાવનાર છે કે અંગ્રેજી બોલવા અને તેમાં કામ કરવાની કુશળતાના મામલે અમે થોડાક પાછળ રહી ગયા છીએ. જ્યારે ચીને પોતાની સ્થિતીમાં ઝડપથી સુધારો કર્યો છે. સ્વીડનની શિક્ષણ સંસ્થા ઈએફ એજ્યુકેશન ફર્સ્ટના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત આ વર્ષે ૨૨માં સ્થાન પર છે. જ્યારે ગયા વર્ષે તે ૨૦માં ક્રમાંક પર રહેતા તેની ચર્ચા રહી હતી. એટલે કે હવે તેની સ્થિતી અગાઉના વર્ષની તુલનામાં નબળી પડી રહી છે. બીજી બાજુ ચીન પોતાના સ્થાનમાં અને પ્રદર્શનમાં સુધાર કરીને સીધી રીતે આઠ સ્થાન સુધાર કરીને તે હવે ૩૯માં સ્થાન પર છે. આ રિપોર્ટ ૭૨ દેશોના ૯૫૦૦૦૦ યુવાનોને આવરી લઈને કરવામાં આવેલા ઈંગ્લિશ ટેસ્ટ પર આધારિત છે. ઈએફ એજ્યુકેશન ફર્સ્ટ બિન અંગ્રેડી ભાષા દેશોની અંગ્રેજીની કુશળતાને લઈને ટેસ્ટ કરે છે. તેમના મુલ્યાંકન કરે છે. ભારતના સંબંધમાં આ નિષ્કર્ષ કાઢવાની બાબત મુશ્કેલ છે કે ભારતીય ભાષામાં જોર વધવાના કારણે અંગ્રેજી પ્રત્યે ધ્યાન લોકોનુ હટી ગયુ છે. દેશમાં આવી કોઈ પ્રક્રિયા હાલમાં ચાલી રહી નથી. ચોક્કસપણે ૬૦ના દશકમાં હિન્દી સમર્થક રાજનિતીની ધારા ચોક્કસપણે ઉભરી આવી હતી. જેના દ્વારા અંગ્રેજીનો વિરોધ કરવામાં આવ્યો હતો. પરંતુ આજે આ રાજકીય બાબત દેખાઈ રહી નથી. તેની કોઈ ચર્ચા જોવા મળી રહી નથી. છેલ્લા એઓક દોઢ દાયકામાં અંગ્રેજીમાં અભ્યાસ કરનાર અને આને લઈને એક સર્વસંમતી બની છે. અંગ્રેજીને મહત્વ આપવામાં આવી રહ્યુ છે. નેશનલ યુનિવર્સિટી ઓફ એજ્યુકેશન, પ્લાનિંગ એનડ એડમિનિસ્ટ્રેશનના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી વર્ષ ૨૦૧૦-૧૧ના ગાળા દરમિયાન અંગ્રેજી માધ્યમની સ્કુલોમાં પ્રવેશ માટેના આંકડામાં ૨૭૪ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. હિન્દીને ઓછુ મહત્વ આ ગાળામાં મળ્યુ છે. આ આંકડા સમાજના બદલાઈ રહેલા માઈન્ડસેટને દર્શાવે છે. આજના પેરેન્ટસ ભાષાના પ્રશ્ન પર ભાવુકતાથી જોવાના બદલે વ્યહારિક રીતે નિહાળે છે. પેરેન્ટસને આ અંગેની માહિતી છે કે અંગ્રેજી તમામ સામાજિક-આર્થિક ગતિવિધીના એકલા માધ્યમ તરીકે ઉભરી છે. મોડર્ન ટેકનોલોજી અને લાઈફ સ્ટાઈલની સાથે સાથે તાલમેળ બેસાડી દેવા માટે આ બાબત આજે ખુબ જરૂરી પણ બની છે. અંગ્રેજી આજે રોજી રોજગારીની ભાષા પણ છે. પાવર પણ અંગ્રેજીમાં દેખાય છે. પરંતુ અમારા દેશની સમસ્યા એ છે કે બ્રિટીશ સામ્રાજયવાદમાં લાંબા સમય સુધી રહેવાના કારણે અંગ્રેજી હવે માત્ર એક ભાષા તરીકે રહી નથી. આ આંકડા સમાજના બદલાઈ રહેલા માઈન્ડસેટને દર્શાવે છે. સમાજ વર્ગોમાં વિભાજિત હોવાના કારણે અહીં અંગ્રેજીના પણ કેટલાક મુલ્યો છે.

## સ્ટાર્ટ અપ શરૂ કરવાનો ક્રેઝ વધ્યો

રૂરલ ઈન્ડિયામાં આજે પણ સાક્ષરતા દર ૬૯ ટકાની આસપાસ છે. જ્યારે વૈશ્વિક સ્તર પર ગ્રામીણ સાક્ષરતાનો દર ૮૬ ટકાની આસપાસ છે. સાક્ષરતાનો આ દર સ્ટાર્ટ અપ માટે શાનદાર અને શ્રેણીબદ્ધ અવસર ઉપલબ્ધ કરાવે છે. ઈન્ડિયાના પ્રાઈમરી એજ્યુકેશન સિસ્ટમને મજબુત કરવામાં યુવા ઉદ્યોગ સાહસિકોની ચાવીરૂપ ભૂમિકા જોવા મળી રહી છે. ભારતના પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થાને મજબુત કરવામાં યુવા ઉદ્યોગ સાહસિકોના ઈનોવેટિવ આઈડિયા માત્ર એજ્યુકેશન સિસ્ટમને નવી દિશા આપી રહ્યા નથી બલ્કે શાનદાર સ્ટાર્ટ અપ વિકસિત કરવામાં પણ ચાવીરૂપ છે. અહીં સ્કુલોમાં બાળકોની સંખ્યા તો વધી રહી છે પરંતુ શિક્ષકોની સંખ્યા વધી રહી નથી. જેથી આવી સ્થિતીમાં ટેકનોલોજી આધારિત એજ્યુકેશન સિસ્ટમ આમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકે છે. ભારતમાં એડટેક સેક્ટરમાં કેટલાક સ્ટાર્ટ અપ આવી ચુક્યા છે., જો કે હજુ પણ આ સેક્ટરમાં વ્યાપક તક રહેલી છે. જાણકાર લોકો આજે કહી રહ્યા છે કે ભારતમાં દુનિયામાં ત્રીજા સૌથી મોટા સ્ટાર્ટ અપ ઈકો સિસ્ટમ આકાર લઈ રહ્યા છે. જેમાં સૌથી વધારે સંખ્યા ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ અપની છે. અલબત્ત ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ અપની સંખ્યા હજુ પણ ખુબ ઓછી છે. જનરેશન ઝેડ જે ટેક્રો ફ્રેન્ડલી છે. તેમના માટે આ ક્ષેત્રમાં અનેક તક રહેલી છે. સ્માર્ટ ક્લાસરૂપ્થી વર્ચુઅલ રિયાલિટી એજ્યુકેશન સિસ્ટમ, થ્રીડી પ્રિન્ટિંગ ટેકનોલોજી સહિત અન્ય આઈડિયાના એજ્યુકેશનલ સ્ટાર્ટ અપના ઓપ્શન પ્રાઈમરી એજ્યુકેશનસેક્ટરમાં રહેલા છે. જાણકાર લોકોનુ કહ્યુ છે કે ઈન્ડિયન એજ્યુકેશન સેક્ટરમાં કામ કરી રહેલા સ્ટાર્ટ અપ માટે વર્ષ ૨૦૧૮ ખુબ સફળ રહેતા તેમાં કેટલીક સફળતા હાંસલ કરવામાં આવી છે. ગ્લોબલ ઈન્વેસ્ટર હવે ઈન્ડિયન એડટેક સ્ટાર્ટ અપમાં રસ ધરાવે છે. ઈન્ડિયન એડટેક સ્ટાર્ટ અપને વર્ષ ૨૦૧૮માં ૭૪૨ મિલિયન ડોલરનુ જંગી રોકાણ મળ્યુ હતુ. જે છેલ્લા પાચ વર્ષની તુલનામાં બે ગણા કરતા વધારે છે. આપને આ બાબત જાણીને હેરાનગતિ થશે કે આ સેક્ટરમાં સૌથી વધારે ૭૩૩ ટકા સુધી ગ્રોથ રેટ રહ્યો છે. ધ આઈબીએમ ઈન્સ્ટીટ્યુટ ફોર બિઝનેસ વેલ્યુના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ૯૦ ટકા કરતા વધારે સંખ્યામાં ભારતીય સ્ટાર્ટ અપ બંધ થઈ જાય છે. શરૂઆતી પાંચ વર્ષમાં જ આ સ્ટાર્ટ અપ બંધ થઈ જાય છે. આનુ મુખ્ય કારણ ઈનોવેશનની કમી હોય છે.



### સરકારી નોકરીમાં ઘટતી જતી તકો માટે કેટલાક નક્કર કારણ છે...

**૩૩ વર્ષની સેવા કરી ચુકેલી કર્મચારીઓને નિવૃતિ આપી દેવાની રહેલી છે. જ્યારે આ પ્રકારના હેવાલ આવ્યા ત્યારે હોબાળો થયા બાદ સંસદીય બાબતોના મંત્રાલય કેન્દ્ર સરકાર દ્વારા ખુલાસો કરવાની ફરજ પડી હતી**

# સરકારી નોકરીને લઇને આકર્ષણ

**ખાનગી ક્ષેત્ર વેતન અને ભથ્થામાં સુધારો કરશે અને સેવા શરતોને આકર્ષક બનાવશે તો સરકારી નોકરીને લઇને આકર્ષણ ઘટશે**

હાલના દિવસોમાં સરકારી કર્મચારીઓની સાથે જોડાયેલા સમાચારોને લઈને બજાર ગરમ છે. એક બાજુ થોડાક સમય પહેલા એવા હેવાલ આવ્યા હતા કે ભારત સરકાર સરકારી કર્મચારીઓની સેવાનિવૃતિની વય મર્યાદા ૬૦ વર્ષથી વધારીને ૬૨ વર્ષ કરવા માટે તૈયાર છે. હવે એવા પણ હેવાલ આવી રહ્યા છે કે સરકારની યોજના સેવાનિવૃતિની વય તો યથાવત રાખવાની છે પરંતુ ૩૩ વર્ષની સેવા કરી ચુકેલી કર્મચારીઓને નિવૃતિ આપી દેવાની રહેલી છે. જ્યારે આ પ્રકારના હેવાલ આવ્યા ત્યારે હોબાળો થયા બાદ સંસદીય બાબતોના મંત્રાલય કેન્દ્ર સરકાર દ્વારા ખુલાસો કરવાની ફરજ પડી હતી. સરકારને કહેવુ પડ્યુ કે તેની આવી કોઈ યોજના નથી. છતાં પણ એટલી બાબત તો સમજી લેવાની છે કે અપેક્ષાકૃત સરળ અનવે આરામદાયક ગણાતી સરકારી નોકરીમાં પણ સેવા શરતોમાં હવે મોટા પાયે ફેરફાર કરવામાં આવી શકે છે. આ જ કારણ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં કેન્દ્ર સરકારે પોતાના ભ્રષ્ટ અને નિષ્ક્રિય બની ગયેલા અધિકારીઓને બળજબરીપૂર્વક નિવૃત કરીને ઘરનો રસ્તો બતાવી દીધો છે.

એકબાજુ હાલના સમયમાં સરકારી કર્મચારીઓ પ્રજા પ્રત્યે તેની જવાબદારી વધારે અસરકારક રીતે અદા કરે તેવી માંગ ઉઠી રહી છે. બીજી બાજુ દેશમાં



બેરોજગારી જોરદાર રીતે વધી રહી છે. બેરોજગારી વર્ષોથી એક ગંભીર સમસ્યા બનેલી છે. સમજવાની બાબત એ છે કે રોજગારમાં જે કમીની વાત કરવામાં આવી રહી છે તે પ્રમુખ રીતે સરકારી નોકરી સાથે સંબંધિત છે. આ બાબત પણ યોગ્ય છે કે વસ્તી જે ગતિથી વધી રહી છે તેની સરખાણમણીમાં રોજગારીમાં વધારો થઈ રહ્યો નથી. આ કમી માટે એ કર્મીઓ પણ ઓછા જવાબદાર નથી જે કર્મચારીઓએ સરકારી વિભાગોની ઓળખને સુસ્ત અને ઉદાસીન કામવાળા વિભાગ તરીકે ઉભી કરી દીધી છે. એક પક્ષ એ પણ છે કે કોઈ પણ સરકારી કામકાજ માટે જેટલો ખર્ચ કરવામાં આવે છે તે જ કામ માટે ખાનગી ક્ષેત્રે રહેલા લોકો ઓછા ખર્ચમાં પૂર્ણ કરી આપે છે. જાણકાર લોકો કહે છે કે સરકારી નોકરી મેળવી લીધા બાદ યુવાનો શરૂઆતમાં શાનદાર રીતે અને ઉત્સાહથી કામ કરે છે પરંતુ ધીમે ધીમે તેમનો ઉત્સાહ ઓછો થતો જાય છે.

આ બાબત જુદી છે કે નોકરીમાં આવતા પહેલા તેમની માનસિકતા કઈક કરી બતાવવા માટેની હોય છે. આ તમામ બદલાયેલી પ્રાથમિકતાના કારણે જ સરકારી ઓફિસમાં કર્મચારીઓ દિનપ્રતિદિન કામને લઈને ઉદાસીન બનતા જાય છે. સાથે સાથે કામ પર પુરતુ ધ્યાન આપતા નથી. એટલુ જ નહીં બલ્કે ઓફિસના સમયમાં અંગત કામકાજને પૂર્ણ કરવામાં પણ ખચકાટ અનુભવ કરતા નથી. કેટલાક લોકો તો કામના બદલે જે વેતન મળે છે તેને અપુરતા તરીકે ગણીને કમાણીના બીજા વિકલ્પ તરીકે પણ કોઈ કામ શોધતા રહે છે. સરકારી સ્કુલોમાં શિક્ષકો અને સરકારી હોસ્પિટલમાં તબીબોની આવી જ સ્થિતી રહેલી છે. શિક્ષકો પોતાના પદસ્થાનવાળા સ્કુલોમાં બાળકો પર ધ્યાન ઓછુ આપે છે અને ટ્યુશન પર વધારે ધ્યાન કેન્દ્રિત કરે છે. ડોક્ટર પણ સરકારી હોસ્પિટલમાં અસરકારક રીતે ફરજ અદા કરવાના બદલે ખાનગી ક્લિનિક પર જામેલા રહે છે. જ્યારે સ્થિતી આવી હોય છે ત્યારે સરકારી કર્મચારીઓ અને સરકારી સંસ્થાઓ પ્રત્યે સામાન્ય વ્યક્તિનુ વલણ પણ આવી જ થઈ જાય છે. આનુ પરિણામ એ છે કે લોકો પોતાના બાળકોને સરકારી સ્કુલોમાં ભણવા માટે મોકલતા નથી.

બીજી બાજુ સક્ષમ લોકો સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવી લેવાના બદલે ખાનગી હોસ્પિટલોમાં સારવાર કરવાનુ પસંદ કરે છે. સવાલ એ છે કે જ્યારે સ્કુલોમાં વિદ્યાર્થીઓ ઓછા હોય છે અને સરકારી હોસ્પિટલમાં દર્દીઓ ઓછા હોય છે ત્યારે ત્યાં સરકારી કર્મચારીઓની સંખ્યા કઈ રીતે વધી શકે છે. આવી જ સ્થિતી તમામ સરકારી વિભાગોમાં જોઈ શકાય છે. અમારે ત્યાં સરેરાશ વયમાં વૃદ્ધિ પણ એક મોટા કારણ તરીકે છે. જેના કારણે સેવાનિવૃતિની વય વધારી દેવા માટેની માંગ ઉઠી રહી છે. તબીબી સેવામાં સુધારાના કારણે નિવૃતિ બાદ પણ વ્યક્તિ સ્વસ્થ અને ફિટ રહે છે. જેથી તેઓ ઈચ્છે છે કે તેમને વધારે થોડાક સમય સુધી કામ કરવાની તક આપવામાં આવે. જેના કારણે કેટલાક ક્ષેત્રોમાં તો સેવા નિવૃતિની વય વધારી દેવામાં આવી છે.



### કોમર્સ ફિલ્ડ સાથે જોડાયેલા લોકો આ ક્ષેત્રે કેરિયર બનાવી શકે....

**કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આ ક્ષેત્ર ખુબ શાનદાર છે કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ આ ક્ષેત્રે કામ કરીને મોટી સફળતા હાંસલ કરી શકે છે કોમર્સના વિદ્યાર્થીઓ સામાન્ય રીતે કારોબાર સાથે જોડાયેલા ક્ષેત્રમાં આગળ વધે છે**

# સ્ટોક બ્રોકિંગ ફિલ્ડમાં કેરિયર બનાવો

**સ્ટોક બ્રોકર શેર માર્કેટમાં પોતાના ક્લાઇન્ટના લેવડદેવડના મામલાને જોવે છે : કોમ્પ્યુટરમાં પ્રાથમિકતા રહે તે તમામ માટે જરૂરી છે**

આધુનિક સમયમાં સ્ટોક બ્રોકિગંના ક્ષેત્રમાં પણ શાનદાર કેરિયર બનાવી શકાય છે. જો તમે કોમર્સના ક્ષેત્ર સાથે જોડાયેલ છો તો આ ક્ષેત્રે શાનદાર કેરિયર રહેલી છે. કોમર્સ સાથે જોડાયેલા લોકો સ્ટોક બ્રોકિંગના ક્ષેત્રે ઉલ્લેખનીય કેરિયર બનાવી શકે છે. હાલના સમયમાં સ્ટોક બ્રોકિંગના ક્ષેત્રમાં કેરિયર બનાવવા માટેની વ્યાપક તક રહેલી છે. કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આ ક્ષેત્ર ખુબ શાનદાર છે. કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ આ ક્ષેત્રે કામ કરીને મોટી સફળતા હાંસલ કરી શકે છે. કોમર્સના વિદ્યાર્થીઓ સામાન્ય રીતે કારોબાર સાથે જોડાયેલા ક્ષેત્રમાં આગળ વધે છે. જેથી આ ક્ષેત્ર પણ તેમના માટે યાદગાર અને આકર્ષક બની શકે છે.

સ્ટોક અને અન્ય સિક્યુરિટીજને ખરીદવા અને વેચવાની પ્રોસેસને સ્ટોક બ્રોકિંગકહેવામાં આવે છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ઈન્ડિયન બ્રોકિંગ ઈન્ડસ્ટ્રીઝનો ગ્રોથ રેટ પાંચથી ૧૦ ટકા સુધી રહ્યો હતો. ભારતમાં સ્ટોક બ્રોકિંગના ફિલ્ડમાં ઉમેદવારોના ભાવિ આશાસ્પદ છે. કેટલાક વર્ષોના કામના અનુભવના આધાર પર આ ક્ષેત્રે પ્રોફેશનલો સારા પગાર મેળવી શકે છે. સારા પગાર



પેકેજના કારણે કેરિયર પણ શાનદાર રહી શકે છે. સ્ટોક બ્રોકર કોણ છે તેવો પ્રશ્ન સીધી રીતે થાય તે સ્વાભાવિક છે. આના જવાબમાં નિષ્ણાંતો કહે છે કે સ્ટોક બ્રોકર શેર માર્કેટમાં પોતાના ક્લાઈન્ટની લેવડદેવડને નિહાળે છે.કોઈ પણ સ્ટોક બ્રોકર સ્ટોક એક્સચેંજ અને રોકાણકાર વચ્ચે એક કડી તરીકે કામ કરે છે. બ્રોકર વગર કોઈ પણ રોકાણકારો તેમના સોદા શેર બજારમાં મુકી શકે તેમ નથી. શેર માર્કેટમાં એન્ટ્રી કરવા માટે ઈચ્છુક લોકોને સૌથી પહેલા ડીમેટ ખાતા અને ટ્રેડિંગ એકાઉન્ટની જરૂર પડે છે. સ્ટોક બ્રોકર તરીકે પોતાના કેરિયરને બનાવવા માટે ઉમેદવારને કોમ્પ્યુટરની પ્રાથમિક માહિતી તો હોવી જ જોઈએ. સાથે સાથે બિઝનેસ કોમ્યુનિકેશન ખુબ શાનદાર રહે તે જરૂરી છે. સાથે સાથે શેરબજારમાં કામ અંગે માહિતી હોવી જોઈએ. વિદ્યાર્થીને ક્લાઈન્ટ્સની સાથે વાતચીત કરવા અને કંપનીઓના શેર સ્ટોક ખરીદવા માટેની માહિતી હોવી જોઈએ. આના માટે વિદ્યાર્થીઓ ખાસ ટ્રેનિગં મેળવી શકે છે. જેટલી માહિતી શેરબજારમાં વધારે રહેશે તે તેની કેરિયરમાં એટલી જ મોટી સફળતા હાંસલ કરી શકે છે. લાયકાતન વાત કરવામાં આવે તો ગ્રેજુએશનની ડિગ્રી જરૂરી રહે છે. ગ્રેજુએશનના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ પીજી ડિપ્લોમા ઈન બેકિંગ એન્ડ ફાયનાન્સ કોર્સ માટે અરજી કરી શકે છે. તે આ રીતે સ્ટોક બ્રોકર બનવાની દિશામાં આગેકુચ કરી શકે છે. વિદ્યાર્થીઓને માર્કેટિંગ, બિઝનેસ એકાઉન્ટિગ અને ફાયનાન્સ જેવા ક્ષેત્રોમાં ખાસ ધ્યાન રહે તે જરૂરી છે. સાથે સાથે યોગ્ય લાયક ઉમેદવારમાં તરત જ સાહસી નિર્ણય કરવાની કુશળતા પણ હોવી જોઈએ. સ્ટોક બ્રોકર તરીકે તમે પોતાના ફાયનાન્સિયલ એડવાઈજર, બેંક બ્રોકર, સ્વતંત્ર બ્રોકર, ઈન્વેસ્ટમેન્ટ બ્રોકર, ઈક્વિટી એનાલીસીસ તરીકે કામ કરી શકે છે. જો તમે ઈચ્છો તો ઈન્વેસ્ટમેન્ટ બેંક્સ પેન્શન ફંડ, બ્રોકિંગ ફર્મ, મ્યુચ્યુઅલ ફંડ્સ, રિસર્ચ સેન્ટરમાં સારા હોદ્દા પર કામ કરી શકો છો. યાદ રાખવા માટેની બાબત એ છે કે સૌથી પહેલા તો આ અંગે માહિતી મેળવી લેવાની જરૂર હોય છે કે સ્ટોક માર્કેટ કઈ રીતે કામ કરે છે. ત્યારબાદ માર્કેટ રેગ્યુલેટર સેબી સમક્ષ નોંધણી કરાવવાની જરૂર હોય છે. આપની અંદર માર્કેટમાં આવતા ઉતારચઢાવને સમજી લેવાની ક્ષમતા હોવી જોઈએ. શેરબજારમાં કેટલાક જોખમ હોય છે. તેમાં જોખમી પરિબળો પણ હોય છે. શેરબજારમાં ઝડપથી નાણાં આવે છે. સાથે સાથે આડેધડ જોખમ લેવાની સ્થિતીમાં ભારે નુકસાન પણ થઈ શકે છે.

શેરબજારમાં હાલના સમયમાં લોકો વધુને વધુ એન્ટ્રી કરી રહ્યા છે. આવી સ્થિતીમાં પ્રાથમિક માહિતી મેળવી લીધા બાદ જ આ ક્ષેત્રમાં પ્રવેશ કરી શકાય છે. સ્ટોક બ્રોકિંગના ક્ષેત્રમાં જંગી નાણાં રહેલા છે. સાથે સાથે તેમાં ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા પણ રહે તે જરૂરી છે.

# જાતિ અને પંથના આધાર પર થનારા ભેદભાવને ખતમ કરવા માટે પણ જરૂરી છે કે દેશને અલ્પસંખ્યક વિરૂદ્ધ બહુસંખ્યકની ધારણાથી મુક્ત કરવામાં આવે

હાલમાં જ કેન્દ્ર સરકારે ધર્માંતરિત થયેલા દલિત ઈસાઈઓ અને મુસલમાનોને અનામતનો લાભ નહિ આપવાના પક્ષમાં જે દલીલો સુપ્રીમ કોર્ટમાં રજૂ કરી તેની સાથે અસહમત ન થઈ શકાય. દલિતોને અનુસૂચિત જાતિનો દરજ્જો આપીને અનામત એટલા માટે આપવામાં આવી હતી, કારણ કે તેઓ હિંદુ સમાજમાં વ્યાપ્ત જાતિ પ્રથાને કારણે ભેદભાવનો સામનો કરી રહ્યા હતા. અનામત આપવાનો ઉદ્દેશ્ય તેમને સમાજની મુખ્યધારામાં લાવવાનો હતો. આ સુવિધા એવા દલિતોને નહોતી આપવામાં આવી, જેઓ ધર્માંતરણ કરને ઈસાઈ કે મુસ્લિમ બની ગયા, કારણ કે એ બંને સમુદાયો એમ કહે છે કે તેમને ત્યાં કોઈ પ્રકારનો જાતિવાદ નથી કે જાતિભેદ નથી. સામાન્ય રીતે દલિતોને એવી લાલચ આપીને ધર્માંતરિત કરવામાં આવે છે કે તેમને જાતિવાદથી છૂટકારો મળી જશે. જો દલિતોને ખબર હોય કે મુસ્લિમ કે ઈસાઈ બન્યા પછી પણ તેમની સાથે ભેદભાવ થશે તો તેઓ ક્યારેય ધર્માંતરિત ન થાય. દલિત મુસ્લિમ અને દલિત ઈસાઈઓનાં સંગઠન ખુદને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવાની માંગ એટલા માટે કરી રહ્યા છે, જેથી બેવડા લાભ ઉઠાવી શકે - એક અનુસૂચિત જાતિનો અને બીજો અલ્પસંખ્યક દરજ્જાનો. જો ધર્માંતરિત થઈને મુસ્લિમ અને ઈસાઈ બનેલા દલિતોને અનુસૂચિત જાતિનો દરજ્જો અને પછી અનામતનો લાભ આપવામાં આવ્યો તો છળકપટથી અને દગાથી તેમના ધર્માંતરણનું અભિયાન વધુ જોર પકડશે. ભારતમાં ધર્માંતરણ રાષ્ટ્રની આત્મિક ચેતનાને કમજોર કરે છે, તેથી તેને કોઈપણ સ્થિતિમાં



હતોત્સાહિત કરવું પડશે. એનો ઈનકાર નહીં કે હિંદુ સમાજનો દલિત કહેવાતો વર્ગ ભેદભાવનો શિકાર રહ્યો હતો. આઝાદી સમયે એ માનવામાં આવ્યું હતું કે આ વર્ગને અનામત આપીને તેને જાતિભેદથી મુક્ત કરાવી લેવામાં આવશે. શરૂઆતમાં તો સફળતા ન મળી, પરંતુ થોડા દાયકા બાદ તેની અસર દેખાવા લાગી અને આજે કહી શકાય કે અનામત વર્ગ પહેલાં કરતાં ઘણો સક્ષમ બની ગયો છે, પરંતુ આપણા નેતા હજુ પણ આ ભાવનાને જીવિત રાખવા માંગે છે કે હિંદુ સમાજ હજુ પણ જાતિઓમાં વહેંચાયેલો છે અને એ જ આધાર પર સદીઓ પહેલાં થતો હતો એવો ભેદભાવ થઈ રહ્યો છે. આ જ આધાર પર તો તે અનામતની માંગ કરતા રહે છે.

ગત દિવસોમાં ઝારખંડમાં ૧૯૩૨ના ડોમિસાઈલના આધારે અનામતની સીમા વધારી દેવામાં આવી. ઝારખંડમાં અનામત હવે ૭૫ ટકાથી પણ વધી ગઈ છે. આ અનામતની ૫૦ ટકાની સીમાને પાર કરી ગયું છે. એવી જ સ્થિતિ કેટલાક અન્ય રાજ્યોમાં પણ છે. શિક્ષણ સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં અનામત તો વધી રહી છે, પરંતુ નોકરશાહીની કાર્યકુશળતા વધતી નથી. અકુશળ નોકરશાહી રાષ્ટ્ર પર એક બોજ છે. રાજકીય હથિયાર બનેલી અનામત એક રીતે આર્થિક બોજ પણ છે. અનામતના દાયરામાં આવનારી આબાદી ૫૦ ટકાથી વધારે છે, પરંતુ કોઈપણ સરકાર હોય, તે વધતી આબાદીના અનુપાતમાં નોકરીઓનું સર્જન નથી કરી શકતી. એ જ કારણ છે કે અનામતના દાયરામાં આવનારા ઓછા લોકોને જ સરકારી નોકરીઓ મળી શકે છે. જોકે અનામત દ્વારા નોકરી નહિ મેળવનારા પણ પોતાના પગ પર ઊભા થઈને દેશના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે, તેથી સરકારોએ તેમની તરફ પણ જોવું જોઈએ.

એ એક તથ્ય છે કે ગરીબી માત્ર અનામતના દાયરામાં આવનાર વર્ગોમાં જ નહીં, બલ્કે અન્ય વર્ગોમાં પણ વ્યાપ્ત છે. એને જ ધ્યાનમાં રાખતાં ૨૦૧૯માં બંધારણ સંશોધન દ્વારા ૧૦ ટકા આર્થિક અનામતની જોગવાઈ લાવવામાં આવી. આ આર્થિક રૂપે કમજોર વર્ગોને આપવામાં આવે છે. ગત દિવસોમાં સુપ્રીમ કોર્ટે બહુમતિથી આપેલા પોતાના ચુકાદામાં આર્થિક અનામતને યોગ્ય ઠેરવતાં કહ્યું કે તેનાથી અનામતની ૫૦ ટકા સીમાનું ઉલ્લંઘન નથી થતું. તેનાથી સરકારને રાહત મળી છે, પરંતુ જો ગરીબીને દૂર કરવા હોય તો ગરીબોને અનામતની સાથે જ તેમના માટે અન્ય યોજનાઓ પણ ચલાવવી પડશે, જેનાથી તેઓ સક્ષમ બનીને દેશના વિકાસમાં ભાગીદાર બને. આર્થિક અનામતને યોગ્ય ઠેરવતાં સુપ્રીમ કોર્ટનાં જજ બેલા ત્રિવેદીએ અનામતની સમીક્ષાની પણ વાત કહી. આ પ્રકારની વાત પહેલાં પણ ઉઠતી રહી છે, પરંતુ અનામતના નફા-નુકસાન પર ખુલીને ચર્ચા નથી થઈ રહી. કમ સે કમ હવે તો અનામત પર નીર-ક્ષીર રીતે ચર્ચા થવી જોઈએ, જેથી તમામ વંચિત-પછાત વર્ગો મુખ્યધારામાં સામેલ થઈને દેશની પ્રગતિમાં યોગદાન આપી શકે.

આર્થિક અનામત પર સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ આર્થિક અનામતની વિસંગતિઓની ચર્ચા તો થઈ રહી છે, પરંતુ એવી ચર્ચા જાતિગત અનામતને લઈને પણ થવી જોઈએ, કારણ કે એ એક તથ્ય છે કે હાલમાં એવી કોઈ ઠોસ વ્યવસ્થા નથી બની શકી, જેનાથી તમામ લાયક લોકોને જ અનામત મળે તેવું કરી શકાય. આ ઠોસ વ્યવસ્થા કેવી રીતે બને, એના પર નવેસરથી વિચાર થવો જોઈએ. એ જ રીતે એના પર પણ ચર્ચા થવી જોઈએ કે જ્યારે સરકારી નોકરીઓ ઘટતી જાય છે, ત્યારે અનામત વધારવાની માંગ કરતા રહેવું કેટલું લાભપ્રદ છે? એ પણ કોઈથી છૂપું નથી કે સરકારી શિક્ષણ સંસ્થા પણ અપૂરતી છે. આ સંસ્થાઓમાં અનામત વર્ગના તમામ છાત્રોને ઈચ્છવા છતાં પણ પ્રવેશ નથી આપવામાં આવતો. જો જાતિ અને ગરીબીને કારણે કોઈ પ્રકારનો ભેદભાવ થાય છે તો તેને દૂર કરવાના પ્રભાવી ઉપાયો પર પણ વિચાર કરવો જોઈએ, કારણકે અનામત છતાં આ સમસ્યાનું સંપૂર્ણ સમાધાન નથી કરી શકાયું. વાસ્તવમાં એક એવો સમાજ બનાવવાની દિશામાં આગળ વધવું જોઈએ.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



ભેટ તરીકે ૧૦ ડોલર રોકડા અને બે કિલો ચોખાનું વિતરણ

# કંબોડિયામાં ભેટ વિતરણ દરમિયાન થયેલી ભાગદોડમાં ચારના મોત

। ફ્રોમ પેન્હ,તા.૨૩ ।

કંબોડિયાની રાજધાની ફ્રોમ પેન્હમાં ચીની ચંદ્ર નવા વર્ષ નિમિત્તે એક દુઃખદ અકસ્માત થયો છે. દેશના સૌથી ધનિકોમાંના એક, સોક કોંગ, ભેટોનું વિતરણ કરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો. ગુરુવારે ભેટ વિતરણ દરમિયાન થયેલી ભાગદોડમાં ચાર લોકોના મોત થયા હતા અને પાંચ લોકો ઘાયલ થયા હતા. અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે. લોકોને ભેટ તરીકે ખોરાક અને રોકડ રકમનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું.પોલીસ પ્રવક્તા સેમ વિચિકાએ જણાવ્યું હતું કે જરૂરિયાતમંદોને ભેટ તરીકે ૧૦ ડોલર રોકડા અને બે કિલો ચોખાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન, ફ્રોમ પેન્હમાં ઉદ્યોગપતિ સોક કોંગના પરિસરમાં સેંકડો લોકો એકઠા થયા. ભેટો લેવા માટે ઉતાવળ કરતી વખતે થયેલી નાસભાગમાં ઘણા લોકો કચડાઈ ગયા. તેમણે કહ્યું કે ભીડમાંથી ઘણા લોકો જમીન પર બેભાન થઈ ગયા અને તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા પરંતુ બે મહિલાઓ અને બે પુરુષોના મોત થયા. ઘટના પછી, અધિકારીઓએ ભીડને વિખેરી નાખી અને ભેટોનું વિતરણ બંધ કરી દીધું.સોક કોંગે હોટેલ, કેસિનો અને તેલ ઉદ્યોગો સહિત અનેક ક્ષેત્રોમાં રોકાણ કર્યું છે. એવું માનવામાં આવે છે કે તેમને કંબોડિયનના ભૂતપૂર્વ વડા પ્રધાન હુન સેન સાથે ગાઢ અંગત સંબંધો હતા. રાજધાની ફ્રોમ પેન્હમાં સોક કોંગ અને અન્ય શ્રીમંત લોકો પરંપરાગત રીતે દર વર્ષે ચંદ્ર નવા વર્ષ નિમિત્તે ગરીબોને ભેટોનું વિતરણ કરે છે.

### આગને કારણે ઘણી જગ્યાએ હવામાં રાખ અને હાનિકારક પદાર્થો

# લોસ એન્જલસમાં આગનું ભયાનક સ્વરૂપ ૫૦,૦૦૦ લોકોને સ્થળાંતર કરવાનો આદેશ

**"હ્યુજીસ ફાયર" નામની આ ઝડપથી ફેલાતી આગ ત્યાંના લોકો માટે એક મોટી આફત બની. અસર એટલી ગંભીર છે કે લોકોને પોતાના ઘર છોડવાની ફરજ પડી**

। કેલિફોર્નિયા,તા.૨૩ ।

દક્ષિણ કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં લાગેલી ભયાનક આગ દિવસેને દિવસે વધુ ભયાનક બનતી જાય છે. "હ્યુજીસ ફાયર" નામની આ ઝડપથી ફેલાતી આગ ત્યાંના લોકો માટે એક મોટી આફત બની. અસર એટલી ગંભીર છે કે લોકોને પોતાના ઘર છોડવાની ફરજ પડી છે. દરમિયાન, આગની વધતી અસરને ધ્યાનમાં રાખીને, બુધવારે આ વિસ્તારમાંથી વધુ ૫૦,૦૦૦ લોકોને સ્થળાંતર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

તમને જણાવી દઈએ કે હ્યુજીસમાં આગ મોડી સવારે લાગી હતી અને થોડા કલાકોમાં જ ૩૯ ચોરસ કિલોમીટરથી વધુ વૃક્ષો અને છોડ બળીને ખાખ થઈ ગયા હતા. આના કારણે, કાસ્ટેઈક તળાવ નજીક કાળા ધુમાડાના ગોટેગોટા ઉડતા જોવા મળ્યા. આ કેસમાં,એલએ કાઉન્ટી શેરિફ રોબર્ટ લુનાએ જણાવ્યું



હતું કે ૩૧,૦૦૦ થી વધુ લોકોને સ્થળાંતર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે અને અન્ય ૨૩,૦૦૦ લોકોને સ્થળાંતર કરવાની ચેતવણી આપવામાં આવી છે.

રાષ્ટ્રીય હવામાન સેવાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આગ વિશે માહિતી પૂરી પાડી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે બપોર દરમિયાન આ વિસ્તારમાં પવનની ગતિ ૬૭ કિમી પ્રતિ કલાકની હતી પરંતુ સાંજે અને ગુરુવારે તે વધીને ૯૬ કિમી પ્રતિ કલાક થવાની ધારણા છે. ઉપરાંત, ન્છ કાઉન્ટી ફાયર ચીફ એન્થોની મેરોને જણાવ્યું હતું કે આગને કાબુમાં લેવી મુશ્કેલ છે, પરંતુ અગ્નિશામકો તેને કાબુમાં લઈ રહ્યા છે.

